ફળો ખરતા રોકવા, પવનની દિશામાં શરૂ જેવા ઊંચા વૃક્ષોની આડશ બનાવવી તેમજ યોગ્ય છાંટણી દ્વારા આંબાના ઝાડની ઊંચાઇ ઘટાડવી.

**૩. આંબાની વિકૃતી :** ફયુઝેરીયમ મોનીલીફોર્મ નામની ફૂગથી થતો આ રોગ બેવિભાગે જોવા મળે છે. (૧) વાનસ્પતિક વિકૃતી (૨) મોરની વિકૃતી. વાનસ્પતિક વિકૃતીમાં નાના છોડની ઉપરની ડાળીઓની વૃધ્ધિ અટકી જાય છે તથા બે ગાંઠો વચ્ચેનો ભાગ ટૂંકો થઇ જાય છે. છોડના ટોચના ભાગ ગુચ્છા જેવો વિકૃત દેખાય છે. મોરની વિકૃતીમાં ફૂલની સંખ્યા અને કદ સામાન્ય કરતાં વધારે હોય છે. જેમાં પરાગરજનું પ્રમાણ ઓછું હોય છે અને દૂરથી જોવાથી આંબાના ઝાડ ઉપરમોટા ગુચ્છા બેઠા હોય તેવું લાગે છે. જેમાં ફળ બેસતા નથી. અસરગ્રસ્ત આબાવડીયામાં ઓક્ટોબર માસમાં નેપ્થેલીક એસીટીક એસીડ ૨૦૦ પી.પી.એમ.નો સ્પ્રે ૧૫ દિવસના અંતરે બે વખત કરવામાં આવે તો આ વિકૃતિનું પ્રમાણ ઘટે છે. ૨૦૦ પી.પી.એમ. દ્રાવણ બનાવવા માટે ૨ ગ્રામ નેપ્થેલીક એસીટીક એસીડને પ્રથમ આલ્કોહોલમાં ઓગળી ત્યારબાદ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.





ડાઉનલોડ કરવા માટે
QR Code સ્કેન કરો.

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – ખાપટ
જી. પોરબંદર

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૮૪ નકલ : ૫૦૦ કિંમતઃ વિનામૂલ્યે



# આંબાની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ



:: લેખકો ::
શ્રી વી. એમ. સાવલિયા, શ્રી ડી. એન. હડીયા,
શ્રી એ. એમ. ગામીત, ડો.એચ. આર. વદર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
ખાપટ – ૩૬૦૫૭૯, જી. પોરબંદર.
વર્ષ : ૨૦૨૩–૨૪

## પ્રાથમિક માહિતી

આંબો એક ખુબ જ અગત્યનો ફળ પાક છે. આંબાના વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં પાંચમાં ક્રમે આવે છે. હાલમાં ગુજરાત રાજ્યમાં કુલ ૧,૭૩,૫૧૭ હેક્ટર વિસ્તારમાં આંબાનું વાવેતર છે, જ્યારે ગુજરાત રાજ્યમાં આંબામાં સરેરાશ ઉત્પાદકતા ૫.૫૩ ટન પ્રતિ હેક્ટર છે. એટલે કે હેક્ટર અથવા તો ૬.૨૫ વીઘા દીઠ ૫.૫૩ ટન જેટલું કેરીનું ઉત્પાદન મળે છે, જે અન્ય રાજ્યોની સરખામણીએ ખુબ જ ઓછુ છે. જેમ કે, ઉતરપ્રદેશ રાજ્યની કેરીની ઉત્પાદકતા ૧૭.૧૪ ટન પ્રતિ હેક્ટર તથા આંધ્રપ્રદેશની ૧૨.૦૦ ટન પ્રતિ હેક્ટર છે.

## હવામાન

આંબાના પાકને સમઘાત હવામાન એટલે કે જ્યા સરેરાશ તાપમાન ૨૫ થી ૩૦ અંશ સેલ્સીઅશ રહેતું હોય, તેવું હવામાન માફક આવે છે. પરંતુ આ ઉપરાંત મોર આવવા સમયે ૧૫ થી ૨૫ અંશ સેલ્સીઅશ તથા કેરી પાકવા સમયે ૩૫ થી ૪૦ અંશ સેલ્સીઅશ જેટલું તાપમાન રહેતું હોય તેવી જગ્યા આંબાના પાકને અનુકુળ આવે છે.

## જમીન

આંબાનો પાક ગોરાળુ તથા સારી ફળદ્રુપતાવાળી જમીન જેની ઊંડાઈ ૨ મીટર જેટલી હોય તો સારો થઈ શકે છે. ભારે કાળી, ચીકણી તથા જે જમીનમાં ક્ષારોનું પ્રમાણ વધારે હોય એટલે કે, આમ્લતા આંક ૭.૫ કરતા વધુ હોય તેવી જમીન આંબાના પાકને માફક આવતી નથી. આ ઉપરાંત જે જમીનમાં ચૂનાનું પ્રમાણ ૫ થી ૧૦% હોય, તેવી જમીનમાં સારી ગુણવતાના ફળો થાય છે.

## જમીનની તૈયારી

રોપણી માટેનો ખાડો રોપણીના એક મહિના અગાઉ તૈયાર કરવો, એટલે કે, જુન-જુલાઈમાં સામાન્ય રીતે નવું વાવેતર કરવું હોય તો ખાડો એપ્રિલ-મે મહિના દરમ્યાન ૧ ઘન મીટરનો તૈયાર કરવો. એટલે કે ૧ મીટર લાંબો, ૧ મીટર પહોળો તથા ૧ મીટર ઊંડો ગાળવો. આ ખાડાને ઉનાળામાં સૂર્યપ્રકાશમાં તપવા દેવામાં આવે તો, તેમાં રહેલ નુકશાન કારક જીવાત તથા રોગ કારકો મહતમ અંશે નાશ પામે છે. તૈયાર કરેલ ખાડાને ૩૦ દિવસ બાદ માટી તથા ગળતીયું ખાતર મિક્ષ કરી પુરી દેવા. ત્યારબાદ પુરેલ ખાડા પર એકાદ સારો વરસાદ થાય અને માટી બેસી જાય પછી ખાડાની વચ્ચે મધ્યભાગમાં કલમની જરૂરીયાત મુજબ નાનો ખાડો કરી આંબાની કલમ રોપવી. કલમ રોપ્યા બાદ કલમને ટેકો આપવો અને વરસાદ ખેંચાય તો કલમને પિયતની વ્યવસ્થા કરવી.

સામાન્ય રીતે ખાડા દીઠ ૧૫ થી ૨૦ કિલોગ્રામ સારૂં ગળતીયું ખાતર માટી સાથે



મિક્ષ કરીને આપવું. ઉપરાંત સાથે એરંડીનો ખોળ ૨ કિલોગ્રામ જેટલો મિક્ષ કરીને નાખવો. જમીનમાં ઉધઈનું નુકશાન રહેતું હોય તો રોપણી વખતે સારી જંતુનાશક દવા પણ ખાડો બુરતી વખતે જ માટી સાથે મિક્ષ કરીને નાખવી.

## કલમ પસંદગી વખતે જરૂરી કાળજી

આંબા કલમ પસંદ કરતી વખતે અમુક બાબતોનું ધ્યાન રાખવું. જેમ કે, કલમ વિશ્વાસપાત્ર નર્સરી અથવા તો ખેડૂત પાસેથી જ લેવાનો આગ્રહ રાખવો. કલમ રોગ તથા જીવાત મુક્ત છે કે કેમ તેની ખાતરી કરીને જ પસંદ કરવી. કલમના મૂળ વ્યવસ્થિત વિકાસ થયેલ હોય, તેવી કલમની પસંદગી કરવી. અન્ય રાજ્યો કે અજાણ્યા વિસ્તારમાંથી આવતી કલમોમાં નિમેટોડ સાથે આવવાની શક્યતા હોય, સ્થાનિક નર્સરી કે ખેડૂત પાસેથી કલમ લેવાનો આગ્રહ રાખવો.

## રોપણી અંતર

રોપણી માટેની જૂની ૧૦ x ૧૦ મીટર અથવા ૮ x ૮ મીટર છે. પરંતુ હાલની પરિસ્થિતિ મુજબ ઘનિષ્ટ પદ્ધતિએ રોપણી ૫ x ૫ મીટરે કરી શકાય છે. અતિ ઘનિષ્ટ ખેતી કરવા માટે આ અંતર ૩ x ૩ મીટર પણ રાખી શકાય છે. પરંતુ, અતિ ઘનિષ્ટ પદ્ધતિમાં છાંટણી અને કેળવણીની વિશેષ જરૂરીયાત રહે છે.

## આંબાવાડિયાની શરૂઆતની માવજત

ચોમાસામાં વરસાદ ન હોય તો ૧ મીટર વ્યાસની રીંગ બનાવી ૩ થી ૬ દિવસે પાણી આપવું. વારંવાર ખામણામાં ઊંડો ગોળ ન કરવો. નવી રોપેલ કલમોને ટેકો આપવો. કલમ રોપ્યા બાદ ૪ વર્ષ સુધી મોર તોડીને દુર કરવાથી શરૂઆતમાં કલમનો વિકાસ સારી રીતે થાય છે. નવી રોપેલ કલમોને કેળવણી આપવા માટે જરૂર પડ્યે છટણી કરવી. નવી રોપેલ કલમોનો જમીનથી ૬૦ સેન્ટીમીટર જેટલી ઊંચાઈનો થડનો ભાગ ડાળી રહિત હોવો જોઈએ.

## આંબાના પાકમાં આંતરપાક

જ્યારે શરૂઆતના ૫ થી ૬ વર્ષ ઝાડનો વિકાસ ઓછો હોય, ત્યારે આંબાના પાકમાં આંતરપાક લઈ શકાય છે. આ માટે શાકભાજી પાકો, ફૂલ પાકો તથા એવા પાકો જેની પિયતની ઓછી જરૂરીયાત હોય અથવા સુક્ષ્મ પિયત પદ્ધતિથી થઈ શકે તેવા પાકો લઈ શકાય છે.

## આંબાના પાકમાં ખાતર વ્યવસ્થાપન

આંબાના પુખ્ત ઝાડને વર્ષે ૭૫૦ ગ્રામ નાઈટ્રોજન, ૧૬૦ ગ્રામ ફોસ્ફરસ તથા ૭૫૦ ગ્રામ પોટાશની જરૂરીયાત રહે છે.

તત્વ સ્વરૂપમાં નીચે જણાવેલ કોઠા મુજબ પ્રતિ ઝાડ ખાતર આપવા.

**ઝાડ દીઠ ખાતરોનું પ્રમાણ (કિલોગ્રામમાં)**

| ઉંમર વર્ષ | છાણીયું ખાતર (કિગ્રા) | અમોનિયમ સલ્ફેટ (કિગ્રા) | સિંગલ સુપર ફોસ્ફેટ (કિગ્રા) | મ્યુરેટ ઓફ પોટાશ (કિગ્રા) |
|---|---|---|---|---|
| પહેલું | ૧૦ | ૦.૩૭૫ | ૦.૧૦૦ | ૦.૧૨૫ |
| બીજું | ૨૦ | ૦.૭૫૦ | ૦.૨૦૦ | ૦.૨૫૦ |
| ત્રીજું | ૩૦ | ૧.૧૨૫ | ૦.૩૦૦ | ૦.૩૭૫ |
| ચોથું | ૪૦ | ૧.૫૦૦ | ૦.૪૦૦ | ૦.૫૦૦ |
| પાંચમું | ૫૦ | ૧.૮૭૫ | ૦.૫૦૦ | ૦.૬૨૫ |
| છઠ્ઠું | ૬૦ | ૨.૨૫૦ | ૦.૬૦૦ | ૦.૭૫૦ |
| સાતમું | ૭૦ | ૨.૬૨૫ | ૦.૭૦૦ | ૦.૮૭૫ |
| આઠમું | ૮૦ | ૩.૦૦૦ | ૦.૮૦૦ | ૧.૦૦૦ |
| નવમું | ૯૦ | ૩.૩૭૫ | ૦.૯૦૦ | ૧.૧૨૫ |
| દસમું તથા ત્યાર બાદ દરેક વર્ષે | ૧૦૦ | ૩.૭૫૦ | ૧.૦૦૦ | ૧.૨૫૦ |

## ખાતર આપતી વખતે જરૂરી કાળજી



ખાતર આપતી વખતે હંમેશા રીંગ બનાવીને ખાતર આપવું. રીંગ પુખ્ત વયના ઝાડના થડથી ૧.૫ થી ૨.૦ મીટર દુર ૨૫ થી ૩૦ સેન્ટીમીટર ઊંડી તથા ૩૦ થી ૪૦ સેન્ટીમીટર પહોળી બનાવવી. કેરીની સીઝન પૂરી થયા બાદ ચોમાસાની શરૂઆતમાં (જુન મહિનામાં) આ રીતે રીંગ બનાવી તેમાં ખાતર આપી રિંગને માટીથી ઢાંકી દેવી. ખાતર આપ્યા બાદ તુરંત જ પિયત આપવું.

## આંબામાં પિયત વ્યવસ્થાપન

આંબાને તેની કટોકટીની અવસ્થાએ પાણી આપવું જરૂરી હોય છે, જેમ કે, આંબાના છોડની નાની અવસ્થાએ, ફળ ખરણ સમયે તથા ફળના વિકાસ સમયે પાણીની જરૂરીયાત રહે છે. આંબાના ઉછરતા ઝાડને ઉનાળામાં ૫ થી ૭ દિવસે તથા શિયાળામાં ૧૨ થી ૧૫ દિવસે પિયત આપવું. આંબાના પુખ્ત ઝાડને મોર આવવા સમયથી લઈ જ્યાં



સુધી કેરી વટાણા જેવડી થાય ત્યાં સુધી પાણી આપવું નહિ. કેરી વટાણા જેવડી થાય પછી નિયમિત પાણી આપવું જોઈએ. કેરી પાકવા સમયે લગભગ ૧ મહિના અગાઉ પાણી બંધ કરવાથી કેરીમાં મીઠાશનું પ્રમાણ સારૂં રહે છે.

## ફળો ઉતારવા સમયે જરૂરી કાળજી

ફળો યોગ્ય સમયે ઉતારવા, જો ફળો વહેલા ઉતારી લેવામાં આવે તો વ્યવસ્થિત પાકતા નથી. ફળો ઉતારવા સમયે ફળોના ખભા ફૂલેલા અને ચાંચ થોડી સપાટ થયેલી હોવી જોઈએ. ઝાડ પરથી કેરીની એકાદ સાંખ પડવી જોઈએ. ફળ ઉપર સફેદ છારી જોવા મળે અને ફળનો ટી.એસ.એસ. ૯ થી ૧૦ માલુમ પડે ત્યારે ફળોને વેળાની મદદથી ઉતારવા.

## આંબાની ખેતીમાં મુખ્ય પ્રશ્નો

આંબાની ખેતીમાં કેરી ખરી પડવી, ફળમાખી તથા થ્રીપ્સ જેવી જીવાત, અવરોહ મૃત્યુ, ભૂકીછારો અને આંબાની વિકૃતિ જેવા મુખ્ય પ્રશ્નો ગણી શકાય.

## કેરી ખરી પડવાના કારણો તથા તેના ઉપાયો

કેરી ખરી પડવાના કારણોમાં રોગ અને જીવાતનો વધુ પડતો ઉપદ્રવ, પોષક તત્વોની ઉણપ, વધુ પડતો પવન, ઓછુ પાણી તથા ભેજ, વધુ પડતું નીંદણ, વધુ ઊંડી ખેડથી મૂળ તૂટયા હોય, અચોકકસ ફલીનીકરણ તથા પરાગનયન, મોર અવસ્થાએ વધુ પડતી કીટનાશક દવાઓનો છંટકાવ અને વાતાવરણમાં અચાનક ફેરફાર વગેરેને ગણી શકાય. તેને અટકાવવા માટે આંબાવાડીયામાં મધમાખી ઉછેર, આંબાવાડીયામાં એક કરતા વધુ જાતનું વાવેતર તથા મોર અવસ્થાએ પિયત ટાળવું તથા વધુ પડતી કીટનાશક દવાનો ઉપયોગ ટાળવો જેથી પરાગનયન માટે ઉપયોગી માખીઓ નાશ ન પામે.

## પાક સંરક્ષણ

### (અ) જીવાત



**૧. મધિયો :** આ જીવાત ઓકટોબરથી મે માસ સુધી નુકસાન કરતી કરતી જોવા મળેછે. પુખ્ત કીટક તથા બચ્ચાં કૂમળા પાન તથા ફૂલમાંથી રસ ચૂસે છે. જેથી ફૂલો ચીમળાયને ખરી પડે છે. આ ઉપરાંત કીટકના શરીરમાંથી ચીકણો મધ જેવો રસ ઝરે છે. જે આંબાના પાન ઉપર પડે છે અને ત્યાં કાળી ફૂગનો વિકાસ થાય છે. આથી આવા પાનમાં પ્રકાશસંશ્લેષણની ક્રિયા અવરોધાય છે, જેથી ઝાડ નબળુ પડે છે. મધિયાના નિયંત્રણ માટે મોટા ઝાડમાં છાંટણી કરવી, નવેમ્બરથી મે માસ દરમ્યાન ઝાડની ડાળીઓ તથા થડની તિરાડોમાં થયોડીકાર્બ

(૨૦ ગ્રામ/૧૦ લીટર) દવાનો છંટકાવ કરવો. આ ઉપરાંત ઝાડ ઉપર ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસ.એલ. દવા (૬ મિલી/૧૦ લીટર) મુજબ મોર નીકળતી વખતે અને લીંબોળીના બીજનું ૫ % દ્રાવણ, કેરી સોપારી કદની થાય ત્યારે છંટકાવ કરવો.



**૨. ફળમાખી :** ફળમાખીની ઈયળ ફળની અંદરનો માવો ખાય છે. આથી ફળની ગુણવત્તા ઘટે છે. તેમજ ફળ ખરી પણ પડે છે. ફળમાખીના નિયંત્રણ માટે નુકસાન પામેલા, ખરી પડેલા, સડેલા ફળોને વીણી, જમીનમાં ઊંડે દાટી દેવા. મિથાઈલ યુજેનોલ ફેરોમોન ટ્રેપની મદદથી નર ફળમાખીનો નાશ કરવો. દશ ઝાડ દીઠ એક ફળમાખી ટ્રેપ ગોઠવવો તથા ૯૦ દિવસે અંદરની લ્યુર બદલાવવી. ટ્રેપનો સપ્ટેમ્બર મહિનાથી શરુ કરી ફળ ઉતાર્યા સુધી અવશ્ય ઉપયોગ કરવો. જરૂર પડે તો જ રાસાયણિક જતુંનાશકોનો ઉપયોગ કરવો.



**૩. આંબાનો મેઢ:** આ એક ઢાલ કિટક છે અને તેની ઈયળ મેઢ તરીકે ઓળખાયછે. આ ઈયળ આંબાના થડની છાલમાં કાણું પાડી થડને કોતરે છે. જેથી ડાળી તથા થડ સૂકાય છે અને ઘણીવાર આખું ઝાડ પણ સૂકાય શકે છે. મેઢના નિયંત્રણ માટે થડ ઉપરના કાણાંમાંથી, લોખંડના તાર વડે ઈયળને ખેંચી કાઢી, મારી નાખવી.



**૪. મીલીબગ (ચીટકો) :** આ કીટકને પાંખ ન હોવાથી તે જાતે અથવા કીડીઓની મદદથી ઝાડ ઉપર ચડે છે અને પાન, ડૂંખ તથા ફળો ઉપર જામ થઈને રસ ચૂસે છે. આથી આવા ભાગ સૂકાય જાય છે. નવેમ્બર માસમાં થડ ફરતે, ગ્રીસ જેવો ચીકણો પદાર્થ ચોપડવો. જેથી કિટક ઝાડ ઉપર ચડી ન શકે.

**૫. ડૂંખ ખાનાર ઈયળ :** આ ઈયળ કૂમળી ડાળીઓ તથા ડાંડીની અંદરનો ભાગ કોરીખાય છે. જેથી પાન તથા ડૂંખ ખરી પડે છે. આ ઈયળના નિયંત્રણ માટે મોનોક્રોટોફોસ ૧૦ મિલિ ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

**(બ) રોગ**



**૧. ભૂકીછારો :** આંબામાં ફૂલ આવે ત્યારથી આ રોગની શરૂઆત થાય. ફૂલની દાંડી ઉપર સફેદ પાવડર જોવા મળે. જેથી મોર કાળો પડી જઈ ખરી પડે. કેરીના ઉત્પાદનમાં ઘણી વખત



આ રોગથી ૭૦ થી ૮૦ ટકા જેટલો ઘટાડો જોવા મળે છે. ભૂકીછારાના નિયંત્રણ માટે શિયાળામાં ફૂલની શરૂઆત થતાં જ હેકઝાકોનાઝોલ ૫ ઈ.સી. દવા ૧૦ મિલી અથવા વેટેબલ સલ્ફર ૮૦ % વે.પા. ૩૦ ગ્રામ, ૧૦ લિટર પાણીમાં ભેળવી ઝાડ ઉપર છંટકાવ કરવો. દર ૨૦ દિવસના અંતરે કુલ ૩ થી ૪ આવા છંટકાવ કરવા જોઈએ.





**૨. કાલવ્રણ (એન્થ્રેકનોઝ) :** આ રોગથી પાન ઉપર અનિયમિત આકારના કથાઈ રંગના ટપકાં જોવા મળે છે. કૂપળની દાંડી તથા ફૂલની દાંડી પર પણ ધાબા જોવા મળે છે, જેથી ફૂલ અને ફળ સૂકાયને ખરી પડે છે. આ રોગને કાળીયો પણ કહે છે. કાલવ્રણના નિયંત્રણ માટે, આંબાના ફળ વેડી લીધા પછી સૂકાયેલ ડાળીઓનો નાશ કરવો. ચોમાસુ પુરૂં થયે કોપર ઓક્ઝીક્લોરાઈડ ૩૦ ગ્રામ,૧૦ લીટર પાણીમાં ભેળવી ઝાડ ઉપર છંટકાવ કરવો.

**આંબાવાડીયાના પ્રશ્નો**

**૧. અનિયમિત ફળવું :** હાફુસ, લંગડો, દશેરી જેવી જાતોમાં એકાંતરે વર્ષે ફળવાનીગંભીર સમસ્યા છે. આવી જાતોમાં નિયમિત ખાતર, પાણી, પાક સંરક્ષણ અને ઝાડને પૂરતા હવા ઉજાસ મળી રહે, તો ફાયદારૂપ પરિણામ લઈ શકાય. કેસર, નીલમ, રાજાપુરી, વસી બદામ તથા સંકર જાતો લગભગ નિયમિત ફળ આપતી જાતો છે. આવી જાતો રોપીને આ પ્રશ્ન હળવો કરી શકાય. આ ઉપરાંત અનિયમિત જાતોમાં જે વર્ષે વધુ ફૂલ આવ્યા હોય, તે વર્ષમાં એપ્રિલ તથા મે માસમાં, ઝીબ્રેલીક એસીડ ૧૦ મી.ગ્રા./લીટર + ૨ ટકા યુરિયાના દ્રાવણનો છંટકાવ કરવાથી નિયમિત ફળ મેળવી શકાય. ઓગષ્ટ માસમાં ૧૦ થી ૩૦ વર્ષની ઉંમરના હાફુસના ઝાડને પેક્લોબ્યુટ્રાઝોલ ૫ ગ્રામ, ૧૫ લિટર પાણીમાં ભેળવી, જમીનમાં ઝાડ ફરતે નાખવાથી વહેલું, વધુ અને નિયમિત ઉત્પાદન મેળવી શકાય છે.

**૨. ફળનું ખરવું :** આંબામાં નાના મોટા ફળો ખરવાની પ્રક્રિયા ફળની જાત, હવામાન,પિયત, પોષણ, રોગ જીવાત તથા વૃદ્ધિ વર્ધક જેવા રસાયણોને કારણે થતી હોય છે. ફળને ખરતા અટકાવવા માટે કેરી વટાણા જેવડી થાય ત્યારે અને લખોટી જેવડી થાય ત્યારે એમ બે વખત, એન.એ.એ. ૨૦ મી.ગ્રા./લીટર + યુરિયા ૨ ટકાનું દ્રાવણનો છંટકાવ કરવો. આ ઉપરાંત નાઈટ્રોજનયુક્ત ખાતરો આપવા. આંબાવાડિયામાં વચ્ચે અમુક જગ્યાએ પરાગ સિંચય આંબાના ઝાડ રોપવાથી પરાગનયન તથા ફળ ધારણની પ્રક્રિયામાં વધારો કરી શકાય છે. વળી બગીચામાં મધમાખીનો ઉછેર કરવાથી પણ ઝાડની ફળ ધારણની ક્રિયામાં વધારો કરી શકાય. મે માસ દરમ્યાન ઘણી વખત ઝડપી પવનને લીધે